# ભગવાન વિષ્ણુના વાહન ગરુડની ઉત્પત્તિ

ધર્મરંગ
વ્યોમા સેલર

ભગવાન વિષ્ણુના વાહન ગરુડની ઉત્પત્તિની વાર્તા, સાપને તેમના દુશ્મન કેમ માનવામાં આવે છે, જટાયુ સાથે તેમનો શું સંબંધ છે?

સનાતન ધર્મનાં બધાં દેવી-દેવતાઓનું પોતાનું એક ખાસ વાહન છે. જે હંમેશાં તેમની સાથે રહે છે. તે વાહનનું તેમના દિવ્ય સ્વરૂપમાં ખૂબ મહત્ત્વ છે. બધા દેવતાઓનાં વાહનની પોતાની વાર્તા અને વિશેષતા છે. આ બધું દિવ્ય છે. તે શક્તિઓથી ભરપૂર છે. માતા રાણીનો સિંહ હોય, ભોલેનાથનો નંદી હોય, ગણેશજીનો ઉંદર હોય, કાર્તિકેયનો મોર હોય, ઈન્દ્રનો ઐરાવત હોય કે માતા સરસ્વતીનો હંસ હોય, બધાં શક્તિશાળી અને સક્ષમ છે. ભગવાન વિષ્ણુનું વાહન ગરુડજી પણ આ ક્રમમાં આવે છે.

તો શ્રી હરિ વિષ્ણુના વાહન ગરુડજીની ઉત્પત્તિની વાર્તા જાણીએ...

ગરુડ ઋષિ કશ્યપ અને વિનતાનો પુત્ર છે.

બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજાપતિને વિનતા અને કદ્રુ નામની બે પુત્રીઓ હતી, જેમના લગ્ન કશ્યપ મુનિ સાથે થયા હતા. કશ્યપ ઋષિએ તેમની બે પત્નીઓ વિનતા અને કદ્રુ માટે બાળકોની ઉત્પત્તિ માટે યજ્ઞ શરૂ કર્યો. કશ્યપ ઋષિએ કદ્રુને પૂછ્યું કે તે કેટલા વધુ પુત્રો ઈચ્છે છે? તેણીએ ઘણા પુત્રોની ઈચ્છા વ્યક્ત કરી. ઋષિ કશ્યપની બીજી પત્ની વિનતાએ બે પુત્રોની ઈચ્છા રાખી. ગર્ભવતી થયા પછી, કદ્રુએ હજાર ઈંડાંમાંથી સાપને જન્મ આપ્યો. વિનતાએ બે ઈંડાં મૂક્યાં. એક ઈંડામાંથી અરુણ અને બીજા ઈંડામાંથી ગરુડનો જન્મ થયો. અરુણ સૂર્યદેવનું વાહન બન્યું જ્યારે ગરુડ ભગવાન વિષ્ણુનું વાહન બન્યું.

કશ્યપ મુનિની પત્ની વિનતા અને કદ્રુ બહેનો હતી પણ તેમનો મનમેળ બિલકુલ સારો નહોતો. એક વાર કદ્રુએ એક રમતમાં વિનતાને હરાવી અને તેને પોતાની દાસી બનાવી. કદ્રુની શરત હતી કે તે તેના નાગપુત્રો માટે તેને અમૃત આપે.



કદ્રુએ કહ્યું, ‘‘ગરુડ, જો તું સ્વર્ગમાંથી અમૃત લાવીને મને આપે, તો હું તને અને તારી માતાને આ ગુલામીમાંથી મુક્ત કરીશ.’’ આ બંધનમાંથી મુક્ત થવા માટે ગરુડે તરત જ સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચ્યા પછી, તેણે દેવતાઓ સાથે યુદ્ધ કર્યું અને તે બધાને હરાવ્યા. પછી તે અમૃતના ઘડા સાથે પૃથ્વી પર પાછો ફર્યો. રસ્તામાં ગરુડ ભગવાન વિષ્ણુને મળ્યા. તેમણે ગરુડને પૂછ્યું, ‘‘ગરુડ, તમે આ અમૃત ક્યાં લઈ જઈ રહ્યા છો?’’ ગરુડે જવાબ આપ્યો, “પ્રભુ, હું મારી સાવકી માતા માટે આ અમૃત લઈ જઈ રહ્યો છું. તેના બદલામાં મારી માતા અને મને ગુલામીમાંથી મુક્ત કરવાનું વચન આપ્યું છે.’’ ભગવાન વિષ્ણુએ કહ્યું, ‘‘ગરુડ, જો તું આ અમૃત જાતે પીશે તો તું અમર થઈ જશે. શું તું એવું નહીં કરે?’’ ગરુડે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, ‘‘પ્રભુ, આ અમૃત મારું નથી. હું તે બીજા કોઈ માટે લાવ્યો છું. જો હું તે પીઉં તો તે અપ્રામાણિક હશે. હું મારા વ્રત અને ફરજનો ત્યાગ કરી શકતો નથી.’’ આ સાંભળીને ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા અને ગરુડને વરદાન આપતા કહ્યું, “હું તમારી પ્રામાણિકતાથી ખૂબ જ પ્રસન્ન છું. તમે અમૃત વિના પણ અમર થઈ જશો અને હંમેશાં મારી સાથે રહેશો.’’

> આ અમૃત મારું નથી. હું તે બીજા કોઇ માટે લાવ્યો છું. જો હું તે પીઉં તો તે અપ્રામાણિક હશે. હું મારા વ્રત અને ફરજનો ત્યાગ કરી શકતો નથી

## ગરુડજી વિશે જાણવા જેવી બાબતો:

ગરુડ એક એવું પક્ષી છે જે આકાશમાં ખૂબ ઊંચે ઊડી શકે છે અને પૃથ્વી પરની સૌથી નાની વસ્તુ પણ જોઈ શકે છે. ગરુડ પક્ષીઓનો રાજા છે. ગરુડ સાપનો દુશ્મન છે. ગરુડજીને ભગવાન વિષ્ણુ પાસેથી અમરત્વ મળ્યું. તેમનો જન્મ સત્યયુગમાં પક્ષી તરીકે થયો હતો. જો કે તેઓ ત્રેતા અને દ્વાપર યુગમાં પણ હાજર હતા. અરુણ અને ગરુડે પક્ષી કુળની બે સગી બહેનો સાથે લગ્ન કર્યા.

અરુણે મોટી બહેન શ્યેની સાથે લગ્ન કર્યા. જેણે બે ઈંડાં મૂક્યાં. આ ઈંડાંમાંથી સંપાતિ અને જટાયુનો જન્મ થયો. શાસ્ત્રોમાં ગરુડજીનાં બાળકોનો કોઈ ઉલ્લેખ નથી. ગરુડ સંબંધમાં જટાયુ અને સંપાતિના કાકા હતા. ગરુડપુરાણ એ ભગવાન વિષ્ણુના અવતાર મહર્ષિ વેદવ્યાસ દ્વારા રચિત ૧૮ પુરાણોમાંનું એક છે, જે મૃત્યુ પછી પાઠવામાં આવે છે.

# વિચારની અસારતા

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

બંગાળમાં જયદેવના જન્મસ્થળ કેન્દુલી પર અજયા નદીના કાંઠે દોલ પૂર્ણિમા પર દર વર્ષે મેળો ભરાય છે. તે મેળામાં એક બાઉલને મળવા માટે જવાનું વિચાર્યું. મારી સાથે પ્રાધ્યાપક રહેમાન મુનશી પણ હતા.

તે બાઉલને મળ્યા પછી, પરત જતા હતા ત્યારે એક સ્થાન પર બાઉલ ગીતનો મેળાવડો હતો. એક બાઉલ સ્ટેજ પરથી ગીત ગાતો હતો. રામકલી રાગમાં દાદરા તાલમાં સુંદર ગીત ગોપીયંત્ર અને ડગ્ગા પર ચાલતું હતું. ગીતના શબ્દો હતા :

ચિંતા દિએ દૂર કરા જાય ના મિથ્ય :
ચિંતા દિએ અજન કરા જાય ના સત્ય!

અમે આ ગીત સાંભળી અને થંભી ગયા. અમે આ બાઉલને પ્રથમ વખત જોયા. તેથી અમે આજુબાજુ ઉભેલા લોકોને પૂછ્યું કે આ બાઉલ કોણ છે? પરંતુ ટોળામાં ઉભેલા માણસો, કોઈ સંતોષકારક ઉત્તર આપી ન શક્યા.

તેથી અધ્યાપક રહેમાન બોલ્યા, ‘‘સતીશ, આ કોઈક નવીન વાત કરનાર બાઉલ લાગે છે. આપણી પુન્થીયાની વિચાર શૃંખલાને તોડી નાખનારો કોઈ ખરેખરો બાઉલ છે.’’

મેં તે શબ્દો ફરીને સાંભળ્યા અને તેનું સમગાની વિચારી રાખ્યું :

ખાલી સોચથી સત્ય ન મળે:
ખાલી સોચથી જૂઠ ન ટળે !

ગીત પૂરું થયું. સ્ટેજ પરથી નીચે ઊતરેલ તે અજાણ્યા બાઉલને અમે મળવા ગયા. અમે તેને તેનું નામ પૂછ્યું. તેણે કહ્યું, ‘‘મારું નામ



ઈસ્ટા દાસ. હું કલકત્તાથી 70 કિલોમીટર દૂર દક્ષિણે સુંદરવનના પ્રવેશદ્વાર પાસે હૂબલી નદીના ઘેરાયેલ મોટા દ્વીપમાં, એક ગામ છે, તેમાં નદીકાંઠે આશ્રમ બાંધીને રહું છું.’’

અમે ફરીથી પૂછ્યું, ‘‘ગામનું નામ શું?’’

તે બોલ્યા, ‘‘ગામનું નામ છે પથેર પ્રતિમા!’’

આ નામ સાંભળી મને તો ગુજરાતી હોવાથી આશ્ચર્ય થાય, તે સમજાય એવું છે. પરંતુ પ્રાધ્યાપક રહેમાન પણ આશ્ચર્ય પામ્યા તેમણે મને કહ્યું, ‘‘ કોઈ ગામનું આવું નામ તો મેં પહેલી વખત સાંભળ્યું!’’

અમે તે બાઉલને પૂછ્યું, ‘‘આ ગીત કોનું રચેલું છે?’’

તેમણે કહ્યું, ‘‘આ ગીત મારા ગુરુ છોટા ચાંદ બાઉલનું રચેલું છે.’’

અમે કહ્યું, ‘‘શું એના પર થોડી ટીપ્પણ પણ કરશો?’ ’

તે બોલ્યો, ‘‘જરૂર, આપણે થોડા દૂર જઈએ. આ ઘોંઘાટમાં કશું નહીં સંભળાય!’ ’

અમે થોડે દૂર ગયા. તે બોલ્યો, ‘અહીં ફક્ત ચિંતન કરવાની પ્રક્રિયાની અસારતા બતાવી છે. તમે અસત્યને દૂર કરવા માટે કોઈ જ્ઞાન, કર્મ કે ભક્તિ ન કરો અને ફક્ત કોરું ચિંતન જ કર્યા કરો તો તે અસત્ય દૂર થઈ શકે નહીં. તેનાથી ઊલટું તમે કોઈ પ્રકારના સત્યની પ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિનો માર્ગ લઈ ફક્ત ચિંતન જ કર્યા કરો તો તે સત્ય પણ પ્રાપ્ત થઈ શકે નહીં! મારા ગુરુ કહેતા કે ચિંતનનો માર્ગ સૌથી સરળ છે પણ લપસણો અને દંભને પોષનારો છે, તેથી તેનાં ઘણાં ગીતોમાં શુષ્ક ચિંતન કરનાર ચિંતકો માટે આ પ્રકારના ચાબખા દેખાય છે! મારો દેહતત્ત્વવાદી અખાડાનો બાઉલગાનનો કાર્યક્રમ હવે શરૂ થવાનો છે, મારે તેમાં જવું પડશે, તમે ક્યારેક મારા આશ્રમે પધારો!’’

> તમે અસત્યને દૂર કરવા માટે કોઇ જ્ઞાન, કર્મ કે ભક્તિ ન કરો અને ફક્ત કોરું ચિંતન જ કર્યા કરો તો તે અસત્ય દૂર થઇ શકે નહીં. તેનાથી ઊલટું તમે કોઇ પ્રકારના સત્યની પ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિનો માર્ગ લઇ ફક્ત ચિંતન જ કર્યા કરો તો તે સત્ય પણ પ્રાપ્ત થઇ શકે નહીં!

અમે તેને ‘જય ગુરુ’ કહી છૂટા પડ્યા પરંતુ સત્ય અને જુઠ્ઠાણા બંનેના ઉપલક્ષમાં ચિંતનની અસારતા સાથે લઈને આવ્યા .